## જન્મદિને વધામણી



ભગદેવ ભટ્ટ
હાસ્ય સાહિત્યકાર
(૨૭-૮-૧૯૪૭)
ફોન : ૨૩૨ ૪૩૨૫૩

### શ્રી ગણેશ મહોત્સવ સમિતિ, સૅક્ટર-૨ દ્વારા

# ૧૭થી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી

## નાટક, હાસ્ય દરબાર, મ્યુઝીકલ નાઈટ, રાસ-ગરબા અને વસાહતી સંતાનો માટે ડાન્સ કૉમ્પીટીશન જેવાં અનોખા રંગોથી ઉજવણી સતરંગી બનશે

ગાંધીનગર, તા. ૨૬

શ્રી ગણેશ મહોત્સવ સમિતિ, સૅક્ટર-૨ દ્વારા આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન ગણેશ મહોત્સવની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સમિતિના અગ્રણી વિક્રમ દેસાઈ અને મૃગેન શાહે આ ઉજવણીની વિગતો આપતાં જણાવ્યું છે કે ગણેશ ચોક, રીંગ રોડ, સૅક્ટર-૨ સી ખાતે વર્ષ ૨૦૦૨થી ગણેશ મહોત્સવ ઉજવણીની શરૂઆત કરવામાં આવી છે. સૅક્ટરના સઘળા રહેવાસીઓના સાથ-સહકારથી ત્યારથી માંડીને અત્યાર સુધી પ્રતિવર્ષ ન માત્ર ધાર્મિક કાર્યક્રમો પરંતુ અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને સમિતિએ ઉજવણીની એક નવી જ ભાત ઉપસાવી છે અને સૅક્ટર ઉપરાંત શહેર અને આસપાસનાં ગામોમાં વસતા નાગરિકોનું ધ્યાન પણ આ ઉજવણી તરફ ખેંચ્યું છે.

ઉજવણી સમિતિના ઉત્સાહી કાર્યકરો વસાહતીઓના સાથ-સહકારથી ઉજળા એવા આ મહોત્સવને વધુ રોચક બનાવવા માટે આ વખતે પ્રથમ વખત એક સામાજિક નાટકનો સમાવેશ કરવામાં આવ્યો છે, એમ જણાવતાં તેઓ ઉમેરે છે કે દરેક પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો ઉજવણી અંતર્ગત હાથ ધરાયા હતા પરંતુ એમાં નાટ્યપ્રયોગ ક્યારેય કરવામાં આવ્યો ન હતો. લોકોને સ્પર્શી જતી આ સાંસ્કૃતિક કૃતિનો સમાવેશ આ વખતની ગણેશ મહોત્સવની ઉજવણી દરમ્યાન કરવામાં આવ્યો છે.

મહોત્સવના પ્રથમ દિવસે એટલે કે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ રાજ્ય સરકારની માન્યતાપ્રાપ્ત નગરના ખ્યાત નાટ્ય કલાકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત સામાજિક નાટક 'માત-પિતાને વંદન' હિમાંશુ ભચેચના આયોજનમાં આયોજિત કરવામાં આવ્યું છે, જેમાં સંસ્કારોની દુહાઈ દેવામાં આવી છે.

તા. ૧૮ના રોજ ગુજરાતના જાણીતા જાદુગર અને ટીવી-ફિલ્મ આર્ટીસ્ટ નિલેશકુમાર દ્વારા જાદુનો શો પ્રસ્તુત થશે. તા. ૧૯ના રોજ ભાઈલાલભાઈ દસાડીયા (કંઠ, કરણી ને સંચાલન), હરપાલસિંહ ઝાલા (હાસ્યનું વાવાઝોડું) અને નવસાદ કોટડીયા (હાસ્યનો ટ્રાફિક જામ) દ્વારા હાસ્ય દરબાર, તા. ૨૦ના રોજ વસાહતી સંતાનો માટે ડાન્સ કૉમ્પીટીશન, તા. ૨૧ના રોજ સેવન સ્ટાર મ્યુઝીકલ પાર્ટી, કલાકાર - અશોક રાજપૂત (વૉઈસ ઑફ મુકેશ), શૈલેષ રાવલ (વૉઈસ ઑફ રફી), ચંદ્રિકાબેન ગોહિલ (મલ્ટીવૉઈસ સ્ટાર) દ્વારા જૂનાં-નવાં ગીતોની વણથંભી વણજાર, તા. ૨૨ના રોજ સુખદેવ ગઢવી તથા કલાકારો દ્વારા રંગ કસૂંબલ ડાયરો, તા. ૨૩ના રોજ સેવન સ્ટાર મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા રાસ-ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તા. ૨૪ સપ્ટેમ્બર ને ગુરુવારના રોજ સવારે ૧૧ કલાકે વિસર્જનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

ઉજવણીના દિવસો અંતર્ગત નિત્ય રાત્રે ૮.૩૦ કલાકે આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર તથા આસપાસ વસતા સૌ શ્રદ્ધાળુ, સાંસ્કૃતિક પ્રવૃત્તિપ્રેમી નાગરિકોને આ ઉજવણીનો લાભ લેવા સમિતિ તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### ડાન્સ કાર્યક્રમ માટે નામ નોંધણી ૧૯ સપ્ટેમ્બર સુધી કરાવી શકાશે

સૅક્ટર-૨ યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવ અંતર્ગત સૅક્ટર-૨ના વસાહતી સંતાનો માટે તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ આયોજિત ડાન્સ સ્પર્ધામાં ભાગ લેવા માટે નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૧૯ સપ્ટેમ્બર નિયત કરવામાં આવી છે. જે વસાહતી સંતાનો આ ડાન્સ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે પોતાનું નામ, સરનામું અને જે ગીત ઉપર ડાન્સ કરવાનો હોય તેની વિગત તા. ૧૯ સુધીમાં ચિરાગ પ્રિયદર્શી, પ્લૉટ નં. ૮૭૨/૨, સૅક્ટર-૨ સી, ગાંધીનગરને પહોંચાડવાની રહેશે. આ અંગેની વધુ વિગતો માટે તેમનો મોબાઈલ નંબર ૯૯૨૪૩ ૫૦૩૪૬ દ્વારા સંપર્ક કરી શકાશે, એમ મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## પત્રકારો પર થયેલા હૂમલાને વખોડતા નગરના પત્રકારો

ગાંધીનગર, તા. ૨૬

ગઈકાલે અમદાવાદ ખાતે આયોજિત પાટીદાર મહારેલી વેળાએ પત્રકારો પર પોલીસ કર્મચારીઓ દ્વારા લાઠીચાર્જની ઘટનાને નગરના પત્રકારો દ્વારા સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા સાપ્તાહિક તંત્રી ફૅડરેશનના પ્રમુખ ભરત કવિ અને મીડિયા ફૅડરેશનના પ્રમુખ લક્ષ્મણ પટેલે આ અંગેની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે પત્રકારો ઉપર હૂમલાની ઘટના એ ઘણી જ નિંદનીય બાબત છે. અને એમાંય આ હૂમલો પોલીસ દ્વારા કરવામાં આવે તે ઘણી જ દુખદ બાબત છે. અખબાર એ સમાજનો આયનો છે અને પત્રકારો રોજ-બ-રોજ બનતી ઘટનાઓનો સાચો ચિતાર લોકો સમક્ષ રજૂ કરે છે. એ કાર્ય માટે તેઓ પણ પોલીસ કર્મચારીઓની જેમ જ પોતાની ફરજ બજાવતા હોય છે. આવે સમયે તેમની ઉપર પોલીસ કર્મચારીઓ દ્વારા હૂમલો એ એક નિંદનીય ઘટના છે.

આ ઘટનામાં સંડોવાયેલા પોલીસ કર્મચારીઓને ઓળખી કાઢવા તથા તેમની સામે સખ્તમાં સખ્ત પગલાં લેવાની માગણી સાથે આ ઘટનામાં ઘવાયેલા પત્રકાર બંધુઓ પ્રત્યે નગરના પત્રકારો દ્વારા સહાનુભૂતિની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

## શ્રી જલારામ સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા રવિવારે

ગાંધીનગર, તા. ૨૬

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા, તા. ૩૦ ઑગષ્ટ ને રવિવારે બપોરે ૩ કલાકે ચતવાણી હૉલ, જલારામ મંદિર, સૅક્ટર-૨૯ ખાતે યોજવામાં આવી છે, જેમાં ઉપસ્થિત રહેવા સમાજના સૌ સભ્યોને પ્રમુખ જિતેન્દ્ર સેજાણી તથા મંત્રી સેવંતીલાલ ઠક્કર દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# શ્રી જલારામ સેવા સમાજ દ્વારા વિદ્યા પુરસ્કાર સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ સ્નાતક, અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સન્માનવા માટેના વિદ્યા પુરસ્કાર સમારોહનું આયોજન તાજેતરમાં જલારામ ધામ, સૅક્ટર-૨૯ ખાતે કરવામાં આવ્યું હતું.

આ અંગેની વિગતો આપતાં સમાજના પ્રમુખ જિતેન્દ્રકુમાર સેજાણી તથા મંત્રી સેવંતીલાલ ઠક્કરે જણાવ્યું હતું કે તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવવા માટે આ પ્રસંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ બૉર્ડના વાઈસ ચૅરમૅન રમેશકુમાર આર ઠક્કર, ઉત્તર ગુજરાત દેશી લોહાણા સમાજના પ્રમુખ વિનોદભાઈ ઍસ ઠક્કર તથા ધાણોધરડા, જિ. પાટણના સ્વામી શ્રી વિમળાનંદ સરસ્વતી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે બાળકોને આશીર્વચન પાઠવ્યાં હતાં. મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત બાદ યોગેશભાઈ દક્ષિણી, બિપીનભાઈ ઠક્કર દ્વારા સંકીર્તન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ જિતેન્દ્રભાઈ સેજાણીએ સ્વાગત પ્રવચન તથા ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કરે અતિથિઓનો પરિચય આપ્યો હતો. સંસ્થા પરિચય કિસોરભાઈ હિન્ડોચા દ્વારા આપવામાં આવ્યો હતો તથા વિદ્યા પુરસ્કાર અંગેની માહિતી યોગેશભાઈ દક્ષિણી દ્વારા આપવામાં આવી હતી.

ચાલુ સાલે ધોરણ-૧૦માં પ્રથમ આવનાર લખન હસમુખભાઈ ઠક્કરને શ્રી જલિયાણ ટ્રૉફી એનાયત કરવામાં આવી હતી તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ટ્રૉફી મોહિત મયુરભાઈ પુજારાને, વિજ્ઞાન પ્રવાહની ટ્રૉફી દિવ્યાંગ નરેન્દ્રભાઈ ઠક્કરને એનાયત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોષાધ્યક્ષ રમેશભાઈ પુજારા દ્વારા કરવામાં આવ્યું હતું, આભારવિધિ સહકોષાધ્યક્ષ ભક્તિકાંત કારીયાએ કરી હતી. આ પ્રસંગને સફળ બનાવવા માટે મુખ્ય હોદ્દેદારો ઉપરાંત સહમંત્રી શૈલેષભાઈ મજીઠિયા, કારોબારી સભ્ય ન્યાલચંદભાઈ ચંદન, રમેસભાઈ તન્ના, હેમંતભાઈ પોપટ, રમેશભઆઈ ગટ્ટા, સંજયભાઈ ખખ્ખર, બિપીનભાઈ ઠક્કર, સંજયભાઈ સંઘાણી, ગોકુળભાઈ જોબનપુત્રા, લોહાણા યુવા સંગઠનના પ્રમુખ રાજેશભાઈ બી ઠક્કર, ઉપપ્રમુખ મયુરભાઈ પુજારા તથા મહિલા મંડળનાં પ્રમુખ વિદ્યાબેન તન્ના અને સંસ્થાના પૂર્વ પ્રમુખોએ પોતાનું સક્રિય યોગદાન આપ્યું હતું.

# સવાર સવાલ પૂછવામાં ગઈ આજે સ્કૂલ ચાલુ છે કે બંધ ?



ગાંધીનગર, તા. ૨૬

'આજે સ્કૂલ ચાલુ છે કે બંધ ?' એવો સવાલ એકમેકને પૂછવામાં આજની સવાર ગાંધીનગર શહેરમાં વસતા વાલીઓએ વિતાવી દીધી હતી.

ગઈકાલે જ આપી દેવાયેલા ગુજરાત બંધના એલાનની જાણ બધા જ લોકોને થઈ નહોતી ને એ કારણે સ્કૂલ ચાલુ જ છે એમ માની લેવામાં આવ્યું હતું. સવારે બાળકો ને વાલીઓ વહેલાં ઊઠી પણ ગયા હતા પરંતુ રાહ જોવા છતાં સ્કૂલવાહનો સમયસર પહોંચ્યા ન હતાં. ફોન દ્વારા સંપર્ક કરવામાં આવતાં સ્કૂલવાહન ચાલકોએ જણાવ્યું હતું કે આજે સ્કૂલમાં રજા છે. પરંતુ, આ બાબતનો વિશ્વાસ વાલીઓને આવ્યો ન હતો. તેથી તેમણે એકબીજાને સવાલો પૂછવાનું ચાલુ કર્યું હતું.

કેટલાક વાલીઓ જે જાતે બાળકોને મૂકવા સ્કૂલ ગયા હતા એમને શિક્ષકો દ્વારા જાણ કરવામાં આવી હતી કે આજે સ્કૂલમાં રજા છે, તેથી તેમણે આ બાબતની જાણ ઓળખીતા-પાળખીતાઓને કરી દીધી હતી.

જે વાલીઓ હજુ સ્કૂલ વાહનોની વાટ જોતા હતા અને ચાલકોની વાત ઉપર ભરોસો નહોતા કરી શકતા તેમણે સ્કૂલમાં પણ ફોન લગાવવાનું શરૂ કરી દીધું હતું. અલબત્ત, મોટાભાગની સ્કૂલ્સના ફોન એકસાથે વાલીઓના સંપર્કને કારણે ઍંગેજ મળતા હતા. કેટલીક સ્કૂલ્સે તો કંટાળીને ફોન બાજુ પર મૂકી દીધા હોવાનુંય વાલીઓ ચર્ચી રહ્યા હતા.

સ્કૂલ ચાલુ છે કે નહીં તેની અવઢવ વાહનચાલકોમાંય હતી. કેટલીક સ્કૂલ તરફથી કોઈ સૂચના ન મળી હોવાથી સ્કૂલવાહનચાલકો સવારમાં વિદ્યાર્થીઓને રોજની જેમ લઈને સ્કૂલ સુધી પહોંચ્યા પણ હતા. પરંતુ, સ્કૂલમાં ફરજ ઉપર તૈનાત શિક્ષકોએ તેમને સમજાવીને પરત મોકલ્યા હતા. અલબત્ત, આ કારણે કેટલાક સ્કૂલવાહનચાલકો અને વાલીઓના રોષનો ભાગ પણ શિક્ષકોને બનવું પડ્યું હતું. કેટલીક સ્કૂલ્સ દ્વારા જોકે વાલીઓને ઍસઍમઍસ દ્વારા સ્કૂલમાં રજા હોવાની જાણ મોડી રાત્રે જ કરી દીધી હતી, પરંતુ કોઈપણ કારણોસર બધા જ વાલીઓને આ મૅસેજ મળી શક્યા નહોતા અને વાલીઓ સવારથી જ બાળકોને શાળાએ મોકલવા કે નહીં એની અવઢવમાં હતા.

સ્કૂલે જનારાને જે દશ્ય જોવા મળ્યું એ ઉપરની તસવીરમાં જોઈ શકાય છે. કેટલાય વાલીઓ પોતાના બાળકને સ્કૂલમાં રજા ન પડે તે ડરથી સ્કૂલ બંધ હોવાનો અંદેશો હોવા છતાં સ્કૂલે મૂકવા આવ્યા હતા. સ્કૂલના દરવાજે જ તૈનાત શિક્ષકો દ્વારા તેમને સાચી હકીકતની જાણ કરી વિદ્યાર્થીને તરત જ પરત લઈ જવા માટે સમજાવવામાં આવ્યા હતા. જોકે, આ કારણે વિદ્યાર્થીઓને તો રજા માણવા મળી હતી, પરંતુ શિક્ષકોને રજા મળી શકી ન હતી. એમનો દિવસ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્કૂલવાહનચાલકોને સમજાવવાના કામકાજમાં જ વિત્યો હતો.

### સૅક્ટર-૨ યુવક મંડળ સંચાલિત

# ગણેશ મહોત્સવ ઉજવણી સમિતિ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

## ગુણપત્રકો સાથેની વિગતો મોડામાં મોડી પાંચમી સપ્ટેમ્બર સુધીમાં પહોંચતી કરવા વિદ્યાર્થીઓને મંડળની અપીલ

ગાંધીનગર, તા. ૨૬

સૅક્ટર-૨ સી યુવક મંડળ સંચાલિત શ્રી ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા સૅક્ટર-૨માં રહેતા અને માર્ચ, ૨૦૧૫માં ધોરણ-૧૨ તથા ધોરણ-૧૦ સાયન્સ, કૉમર્સ, આર્ટ્સ ફૅકલ્ટીમાં ૮૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારા પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને પારિતોષિક અને શિલ્ડ આપવાના એક કાર્યક્રમનું આયોજન ગણેશ મહોત્સવ ઉજવણી દરમ્યાન કરવામાં આવ્યું છે.

યુવક મંડળના પ્રમુખ વિક્રમ દેસાઈએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ૮૫ ટકા કે તેથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીએ ગુણપત્રકની સ્વપ્રમાણિત નકલ સૅક્ટર-૨ના વસાહતી હોવાના પુરાવા અને તાજેતરના પાસપૉર્ટ સાઈઝ ફોટોગ્રાફ સાથે આગામી તા. ૫ સપ્ટેમ્બર સુધીમાં મંડળને પહોંચતી કરવાની રહેશે. આ તારીખ પછી આવેલા ગુણપત્રકો ધ્યાને લેવામાં આવશે નહીં. ગુણપત્રકની પાછળ વિદ્યાર્થીએ મેળવેલ ટકા, તેનું સરનામું, મોબાઈલ નંબર અને સ્કૂલનું નામ અવશ્ય લખવાનું રહેશે.

ગુણપત્રકો મોકલવા માટેનું સરનામું : પ્લૉટ નં. ૧૫૮૯/૧, ગણેશ ચોક, સૅક્ટર-૨ સી, ગાંધીનગર નિયત કરાયું છે. આ અંગેની કોઈપણ માહિતી માટે મોબાઈલ નં. ૯૫૩૭૪ ૮૯૬૮૫ દ્વારા મંડળનો સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

## મનોરંજન

| સિટી પલ્સ |
| --- |
| **સ્ક્રીન-૧** |
| ઑલ ઈઝ વૅલ |
| ૬.૪૫, ૧૦.૧૫ |
| **સ્ક્રીન-૨** |
| ઑલ ઈઝ વૅલ |
| ૧૨.૪૫, ૩.૩૦ |
| માંઝી |
| ૭.૦૦ |
| બ્રધર્સ |
| ૧૦.૦૦ |
| **સ્ક્રીન-૩** |
| ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી) |
| ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫ |
| ફૅન્ટાસ્ટીક ફોર (અંગ્રજી) |
| ૩.૦૦, ૮.૦૦ |
| **સ્ક્રીન-૪** |
| દશ્યમ |
| ૧.૦૦, ૧૦.૦૦ |
| માંઝી |
| સવારે ૧૦.૦૦ |
| બ્રધર્સ |
| ૩.૪૫ |
| **સ્ક્રીન-૫** |
| ઑલ ઈઝ વૅલ |
| સવારે ૧૦.૦૦ |
| બ્રધર્સ |
| ૧૨.૩૦, ૬.૪૫ |
| માંઝી |
| ૪.૦૦, ૧૦.૦૦ |

| સિનેમૅક્સ |
| --- |
| **સ્ક્રીન-૧** |
| ઑલ ઈઝ વૅલ |
| સવારે ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫ |
| **સ્ક્રીન-૨** |
| માંઝી : ધ માઉન્ટેન મૅન |
| સવારે ૧૦.૦૦, ૨.૫૫, ૭.૫૦ |
| ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી) |
| ૧૨.૪૦, ૫.૩૫, ૧૦.૩૦ |
| **સ્ક્રીન-૩** |
| ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી) |
| સવારે ૯.૪૫ |
| બજરંગી ભાઈજાન |
| ૧૨.૦૦ |
| દશ્યમ |
| ૩.૧૦, ૯.૫૦ |
| બાહુબલિ |
| ૬.૩૦ |
| **સ્ક્રીન-૪** |
| બ્રધર્સ |
| ૯.૩૦, ૪.૦૦, ૧૦.૦૦ |
| મિશન ઈમ્પોસિબલ (હિન્દી) |
| ૧૨.૪૫, ૭.૧૫ |

## યુનિવર્સિટી દ્વારા LLBમાં રિસફલીંગની પ્રક્રિયા મોકૂફ

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલ લો કોલેજોમાં પ્રવેશ માટેનો પહેલા તબક્કો પુરો થયા બાદ ખાલી પાડેલી બેઠકો પર હાથ ધરવામાં આવેલ રિશફલીંગની પ્રક્રિયા મોકુફ રાખવામાં આવી છે. જ્યારે યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સાયન્સ અને એમબીએ વિભાગોમાં અધ્યાપકોની ભર્તી માટે લેવામાં આવનાર ઈન્ટરવ્યુ પણ રદ કરી દેવામાં આવ્યા છે. તેમજ યુનિવર્સિટી અને સલગ્ન કોલેજો આવતીકાલે બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદ શહેરમાં પાટીદાર મહારેલી તેમજ ત્યાર બાદ ઉપસ્થિત થયેલી હિંસાની પરિસ્થિતિનાં કારણે ગુજરાત યુનિવર્સિટીનાં રોજીંદી કામગીરી ખોરવાઈ ગઈ છે. હિંસા અને શહેરનાં કેટલાક વિસ્તારમાં લગાવેલ કરફ્યુના પગલે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૨૭ અને ૨૮ ઓગસ્ટ લેવાનાર કોમ્પ્યુટર સાયન્સ અને એમબીએ વિભાગોમાં પ્રોફેસરોની ભરતી માટે લેવાનાર ઈન્ટરવ્યુ રદ કરી દેવામાં આવ્યા છે. આ ઈન્ટરવ્યુ હવે પાછળથી યોજવામાં આવશે. જેની તારીખ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત આજથી એલએલબીની ખાલી બેઠકો માટે રિશફલીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર હતી તે પણ મોકુફ રાખવામાં આવી છે.

# શિક્ષકની નૈતિકતા જાગશે ખરી ?






કૅમ્પસ
દ્વનિલ પારેખ

સાંપ્રત શિક્ષણ વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર મૂળમાં સડો પેસી ગયો હોય એમ પેસી ગયો છે. મૂળમાં સડો પેસી જાય ત્યારે આખા વૃક્ષની હાલત જેવી થાય એવી હાલત અત્યારે શિક્ષણક્ષેત્રમાં જોવા મળે છે. યેનકેન પ્રકારે ઉચ્ચ અધિકારીઓ, અધ્યાપકો અને શિક્ષકો દ્વારા ભ્રષ્ટાચાર ફુલીફાલી રહ્યો છે. અધ્યાપકો અને શિક્ષકોને હાથમાં વિદ્યાર્થીઓનું ભાવિ રહેલું હોય છે અને એ વાતનો જ કે મજબૂરીનો લાભ શિક્ષકો ઉઠાવતા હોય છે.

પરીક્ષા એક એવી બાબત છે કે જેનાથી વિદ્યાર્થી આલમમાં એક ફફડાટ પેસી જતો હોય છે. અધ્યાપકો અને શિક્ષકો માટે પરીક્ષા જાણે એક શસ્ત્ર હોય એમ એનો ઉપયોગ થતો હોય છે. આ શસ્ત્રના બહાના હેઠળ શિક્ષકો વિદ્યાર્થીઓનું શોષણ કરતા હોય છે. એક કડવી વાસ્તવિકતા એ છે કે શિક્ષણ દિવસે ને દિવસે મોંઘું થતું જાય છે. ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરવા માગનાર વિદ્યાર્થી મોંઘીદાટ ફી ભરીને જે તે કૉલેજમાં પ્રવેશ મેળવતો હોય છે. હવે, મોંઘીદાટ ફી ભરીને પ્રવેશ મેળવ્યા પછી એ મહેનત કરીને કે અન્ય કોઈપણ રીતે પોતાનો અભ્યાસ પૂરો કરવા માગતો હોય છે. આ વાતનો લાભ પણ શિક્ષકો દ્વારા ઉઠાવવામાં આવતો હોય છે. વિદ્યાર્થીને રીતસર ધમકી આપવામાં આવે છે કે જો તું 'ફલાણું-ઢીંકણું' નહીં કરે તો પરીક્ષામાં તને નાપાસ કરવામાં આવશે. આ 'ફલાણું-ઢીંકણું'માં ઘણી બધી બાબતોનો સમાવેશ થાય છે. જેમકે, અધ્યાપકનો જન્મદિવસ હોય તો એને મોંઘોદાટ મોબાઈલ ભેટ આપવો, મોબાઈલમાં ટૉકટાઈમ રીચાર્જ કરી આપવો, સાહેબનાં પત્ની માટે મોંઘીદાય ગિફ્ટ લઈ આપવી વગેરે.. આ યાદી અતિશય લાંબી થઈ શકે એમ છે. વળી, આશ્ચર્યની વાત એ છે કે આ 'ફલાણું-ઢીંકણું' સેવાના ઓઠા હેઠળ થાય છે.

ભારતની શિક્ષણ વ્યવસ્થા અત્યંત પ્રાચીન ગણાય છે અને એનાં મૂલ્યોની વાત વિશ્વભરમાં પ્રસિધ્ધ છે. છતાં આજે એ શિક્ષણપ્રથામાં સડો પેસી ગયો છે. જે ક્ષેત્ર અણીશુદ્ધ હોવું જોઈએ એ જ ક્ષેત્રમાં આજે ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો છે અને એ ભ્રષ્ટાચાર અંતર્ગત વિદ્યાર્થીઓનું શોષણ કરવામાં આવે છે. પીઍચડી અને ઍમફિલનાં સંશોધન અંતર્ગત પણ જે તે વિદ્યાર્થીના માર્ગદર્શક ભ્રષ્ટાચાર આચરતા હોય છે. કહેવાનો મતલબ એ જરા પણ નથી કે બધા જ અધ્યાપકો, શિક્ષકો અને માર્ગદર્શકો ભ્રષ્ટાચારી છે પણ આ બદીમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે અને એમાં શિક્ષણ કે સંશોધનક્ષેત્રે સારું કામ કરવા માગતો હોય એવા વિદ્યાર્થીઓનો મરો થતો હોય છે. એણે 'સેવા'ના નામે જે તે અધ્યાપક, માર્ગદર્શકની લાલચો પોષવાની હોય છે. કારણ કે પોતાનું ભવિષ્ય દાવ પર લાગેલું હોય છે. વિચાર કરીએ કે જે વિદ્યાર્થી ત્રણ-ચાર વર્ષ સંશોધનક્ષેત્રે સખ્ત મહેનત કરે છે એ વિદ્યાર્થીને પછી માર્ગદર્શકની હેરાનગતિનો સામનો કરવાનો આવે ત્યારે એના પર શું વીતતી હશે ? વિદ્યાર્થી માંડ પોતાના સંશોધનનું ગોઠવતો હોય, પૂરું કરતો હોય ત્યારે એણે માર્ગદર્શકની લાલચ પોષવાની આવે છે. ત્યારે એના માટે સ્થિતિ અઘરી બની જતી હોય છે.

પરીક્ષામાં પાસ કરવાના બહાને કે સંશોધનના બહાને વિદ્યાર્થીઓનું શોષણ હવે મોટાપાયે થઈ રહ્યું છે. એમાં જો વિદ્યાર્થીની હોય તો ક્યારેક જાતિય શોષણના કિસ્સાઓ પણ બનતા હોય છે. આ બધું જ જેને 'પવિત્ર' માનીએ છીએ એવા શિક્ષણના ક્ષેત્રમાં થઈ રહ્યું છે અને આખરે એ 'અપવિત્ર' બનતું જાય છે. મુશ્કેલી એ વાતની છે કે આખી સમસ્યાનો કોઈ ઠોસ ઉકેલ પણ જડતો નથી, સિવાય કે શિક્ષકની નૈતિકતા જાગે. જાગશે ખરી શિક્ષકની નૈતિકતા ?



## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ શનિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૯ ઑગષ્ટ, શનિવાર ને શ્રાવણી પુનમના રોજ સવારે ૮.૪૫ કલાકે સમૂહ યજ્ઞોપવિત બદલવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

બ્રહ્મસમાજ દ્વારા પ્રતિવર્ષ યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ સમૂહમાં યોજવામાં આવે છે, જેનો લાભ મોટી સંખ્યામાં બ્રહ્મબંધુઓ દ્વારા લેવામાં આવે છે. આવા જ એક કાર્યક્રમનું આયોજન આગામી શ્રાવણી પુનમના રોજ પણ કરવામાં આવ્યું છે.

શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સૅક્ટર-૧૬ ખાતે આયોજિત આ સમૂહ કાર્યક્રમમાં યજ્ઞોપવિત બદલવા માટે પૂજામાં બેસવા આસન, પંચપાત્ર સાથે ઉપસ્થિત રહેવા બ્રહ્મબંધુઓને શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગરના મહામંત્રી નરેશભાઈ દવે દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.